ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૫-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

ખેલાડીઓ ખેલધર્મ ચૂક્યાં : પૈસો મારો પરમેશ્વર

ત્રણ નામાંકિત ક્રિકેટ ખેલાડીઓ સ્પૉટ ફિક્સિંગના ગુના હેઠળ પકડાઈ જતાં ક્રિકેટ રસિયાઓનું ભ્રમ નિરસન જરૂર થઈ ગયું હશે. છેલ્લી ગિરફતારી ગુજરાતના ખેલાડીની થઈ છે. ક્રિકેટ આપણા ગેડીદડાનું પાશ્ચાત્ય સ્વરૂપ છે. હવે તો એ આપણી રાષ્ટ્રીય રમત બની ચૂકેલ છે. રાષ્ટ્રના મહાન સંતો અને નેતાઓ કરતાં સામાન્ય પ્રજા કચકડાની દુનિયાના નટો અને ક્રિકેટરોને વધારે મહત્વ આપતી થઈ હોય તો એ આપણી અધોગતિનું જ પ્રમાણ ગણાવું ઘટે. સચીન અને અમિતાભ પોતાના 'પાપી પેટ' ખાતર ધંધો કરે છે, છતાં ઘેલી પ્રજા એમનો ગાંધી-સરદાર કે સુભાષ કરતાં વધારે મહિમા કરે છે. આપણે ત્યાં મહાત્મા ગાંધી કેવળ રાષ્ટ્રપિતા છે જ્યારે અમિતાભ સદીનો મહાનાયક છે! સચીન ક્રિકેટનો ભગવાન છે ભારતીય ક્રિકેટ જગતના આશાસ્પદ ખેલાડી શ્રીસંત અને અન્ય ત્રણ ખેલાડીઓ બુકીઓના સકંજામાં ફસાઈ નાણાંની લાલચે પોતાનો ખેલધર્મ ચૂક્યા એથી ભારતીય ક્રિકેટને ઘણા લાંબા સમય સુધી ન ભૂંસાઈ એવી કાળી ટીલી લાગી છે. દિલ્હી પોલીસે આઈપીએલમાં સ્પોટ ફિક્સિંગનો પર્દાફાશ કરી અગિયાર બુકીઓ સાથે ખેલાડીઓની ધરપકડ કરી એમને પાંચ દિવસ માટે રિમાન્ડ પર લીધા છે. બીસીસીઆઈએ તત્કાળ પગલાં ભરી ખેલાડીઓને સસ્પેન્ડ કર્યા છે અને તપાસ પૂરી થયે દોષી જણાય તો કદાચ એમની કારકિર્દી પર કાયમને માટે પૂર્ણ વિરામ લાગી જવાની સંભાવના છે. કાયદાકીય રીતે દોષિત ઠરેલા ખેલાડીઓને સાત વર્ષની સજા થવાની શકયતા છે. પોલીસના જણાવ્યા મુજબ ચંડિલાએ જયપુર ખાતે અને શ્રીસંત તથા અંકિતે મુંબઈ ખાતે રમાયેલી મેચમાં બુકીઓના ઈશારે સ્પોર્ટ ફિક્સિંગ કર્યું હતું. ત્રણે ખેલાડીઓને એક એક ઓવર માટે ૪૦ થી ૬૦ લાખ જેવી માતબર રકમ આપવાનું નક્કી થયેલું જે પૈકી અડધી રકમ આગોતરી ચૂકવવામાં આવી હતી. પોલીસે ઝીણવટ ભરી વૉચ ગોઠવી આ ગંદી રમત પકડી પાડી હતી. આઈપીએલની બાર જેટલી મેચો ફિક્સ થઈ હોવાની શંકા છે જેમાં ૪૦ જેટલા રમતવીરો સામે શંકાની સોય તકાયેલી છે. શ્રીસંતના પિતા ભલે ખેલાડી પુત્રની તરફેણ ખાતર આખી ઘટનાને ધોની અને ભજ્જુનું કાવતરું ગણાવતા હોય, પણ પોલીસ જ્યારે નક્કર પુરાવા મેળવી શકી છે ત્યારે આવાં લાગણી પ્રેરિત નિવેદનો નિરર્થક જ રહેવાનાં. આઈપીએલ જેવી ફટાફટ ક્રિકેટમાં મોટી માલેતુજાર હસ્તીઓ એમનું બેનંબરીયું નાણું રોકી એને સફેદ કરવાના કારસા કરતી રહી છે. ક્રિકેટરોની ઢોરબજારમાં વેચાતાં પ્રાણીઓની જેમ હરાજી બોલાય છે. ક્રિકેટનો તથાકથિત ભગવાન પણ આ બજારમાં વેચાવા માટે ઊભો રહે છે. આપણી ભૌતિકવાદી માનસિકતાનું આવું વરવું પ્રદર્શન જોઈને જુગુપ્સા થવી જોઈએ, એને બદલે આપણે આ બાબતને બહુ જ હળવાશથી લેતા રહ્યા છીએ. ત્યાં સુધી કે જ્યારે કોઈ નામાંકીત ક્રિકેટર અમુક કરોડમાં ખરીદાયો એવા સમાચાર વાંચીએ છીએ ત્યારે આપણે રોમાંચિત થઈ ઊઠીએ છીએ. આ અધઃપતન નથી તો બીજું શું છે? સંજય દત્તની જેમ હવે ખેલાડીઓ પણ જેલમાં જશે. પાછી પોતાની ટીઆરપી વધારવાની લાયમાં ટીવી ચેનલો એમનું કવરેજ કરવાની ઘેલછામાં- ગાંડીતૂર બની જશે. બુકીઓનો બૉસ દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાં બેઠોબેઠો કેવા કેવા ખેલ પાડી શકે છે એનાં આ જીવતાં જાગતાં દૃષ્ટાંત છે. સંજય દત્તને જેલ ભોગવવી પડી એના પાયામાં પણ અંડરવર્લ્ડના 'ભાઈ લોગ' હતા; હવે રમતજગતના સ્ટાર રિમાન્ડ પર લેવાયા છે એમની પાછળ પણ દાઉદની જ માયાજાળ છુપાયેલી છે. સૌથી મોટી શોચનીય બાબત તો એ છે કે આપણી પ્રજા આવાં તત્વોને જ રોલ મોડલ ગણી એમની પાછળ નાણાં અને સમયની બેશુમાર બરબાદી કરતી રહે છે.

પીએચ.ડી.ની ડીગ્રી મેળવી

ગાંધીનગર, તા. ૧૭

મેઘાલયની સી.એમ.જે. યુનિવર્સિટીમાંથી ડૉ. પ્રો. સોહનરાજ

તાતેડના માર્ગદર્શન હેઠળ કૃષ્ણકુમાર દયાશંકર શાસ્ત્રીએ તાજેતરમાં વેદ-પુરાણ શાસ્ત્રમાં સંસ્કૃત ભાષાની ભૂમિકા વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરી 'વૈદિક ગ્રંથો મેં સંસ્કૃત સાહિત્ય કી ભૂમિકા : એક સમિક્ષાત્મક અધ્યયન' વિષય પર મહાશોધ નિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. ડૉ. કૃષ્ણકુમાર શાસ્ત્રી જ્યોતિષ શાસ્ત્ર-કર્મકાન્ડ તથા વિજ્ઞાન સાહિત્યનો બહોળો અનુભવ અને જ્ઞાન ધરાવે છે. તેમની આ સિદ્ધિ બદલ આમજનોએ અભિનંદન પાઠવ્યા છે.

બ્રહ્મસમાજ યુવા પરિચય પુસ્તિકા સીડી સ્વરૂપે

ગાંધીનગર, તા. ૧૭

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે વડોદરા ખાતે યોજાયેલ જીવનસાથી પસંદગી સંમેલન (૪૨માં) ભાગ લીધેલ પ્રત્યેક ઉમેદવારનો પરિચય કરાવતી પુસ્તિકા અને સીડી પણ પ્રગટ કરવામાં આવી છે. લગ્નોત્સુક ઉમેદવાર યા વાલીઓએ સીડી માટે હાર્દિકભાઈ વ્યાસનો સંપર્ક કરવો.

કડી કેમ્પસમાં અનોખા અભિગમથી રચાયેલ ક્રિએટીવ ઝોનનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર ખાતે સેક્ટર-૨૩માં આવેલ કેમ્પસ ખાતે ક્રિએટીવ ઝોનનું ઉદ્‌ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન ડૉ. કનુભાઈના

વરદ હસ્તે કરવામાં આવ્યું.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત કે.જી. થી પ્રાથમિક તથા માધ્યમિકના વિદ્યાર્થીઓના શિક્ષણની સાથે સાથે આંતરિક વિકાસને ધ્યાને લઈને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના



ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન અને ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. વીણાબેન પટેલના પ્લાનિંગ મુજબ આ ઝોન તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં કેમ્પસમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે જ ક્રિએટીવ ઝોનને જોડવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓની આંતરિક વિકાસમાં વધારો થશે.

ક્રિએટીવ ઝોન વિશે વિસ્તારથી માહિતી આપતાં ક્રિએટીવ ઝોનના ઈન્ચાર્જ કિરણબેન પટેલે જણાવ્યું હતું કે, આ ક્રિએટીવ ઝોનમાં બે વિભાગ પાડવામાં આવ્યા છે. એક સાયન્સ ઝોન- જેમાં સાયન્સ વિશેની માહિતી પૂરી પાડશે તથા વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા પ્રોજેક્ટ અહીં બનાવશે. અને બીજો ક્રાફ્ટ ઝોનમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના ક્રાફ્ટ મોડલ શિખવાડમાં આવશે તથા તેમને વિવિધ થીમ આપી તેમની પાસેથી નવા મોડલો બનાવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ક્રિએટીવ ઝોનમાં હાલમાં ૧૦ દિવસનો નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપસ્થિત વિદ્યાર્થીઓના વાલીઓએ આ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કામગીરીને

પ્રશંસનીય ગણાવી હતી. ગાંધીનગર ખાતે સૌ પ્રથમવાર ક્રિએટીવ ઝોનની રચના કરવા બદલ કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ સહિત કેળવણી મંડળના હોદ્દેદારો સહિત તમામ શાખાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપણાં ગાંધીનગરમાં બધું જ થઈ ગયું છે. આ એક મેચ ફીકસીંગ બાકી હતું એ પણ પૂરું થયું.

વાવોલ શાલીન ખાતે યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ યોગા વેલનેસ સેન્ટર દ્વારા શાલીન-૨ વાવોલ ખાતે દસ દિવસની તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં ૫૦ શિબિરાર્થીઓએ લાભ લીધો હતો. યોગ ગુરુ હસમુખભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોગ-પ્રાણાયામની તાલીમ લીધી હતી. શિબિર અંગે પ્રતિભાવો આપતા શાલીમ-૨ના વસાહતીઓએ એવું મંતવ્ય રજૂ કર્યું હતું કે યોગ જીવનથી એક દિનચર્યા છે તેને અપનાવવાની જરૂરીયાત છે. અને તેથી આવી શિબિરનું આયોજન અનિવાર્ય છે.

શિબિરના પુર્ણાહુતિ પ્રસંગે શાલીન-૨ના પ્રમુખ સુથાર યોગ વેલનેસ સેન્ટરના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા તથા યોગગુરુ હસમુખભાઈના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ઈન્સ્ટ્રકટર અવધેશ ત્રિપાઠી તથા પુજાચંદ્રા જર્મનીની વિશે યોગના ફાયદા પદ્ધતિનું નિદર્શન કર્યું હતું.

ગાંધીનગરના નિરલ જોષીએ ઓસ્ટ્રેલિયામાં નાની વયે લેક્ચરરશીપ મેળવી

ગાંધીનગર, તા. ૧૭

ઓસ્ટ્રેલિયામાં યુનિવર્સિટી એકેડેમિક એડવોક્સી ઓફિસર

તરીકે હાલ ફરજ બજાવતા ગાંધીનગરના નિરલ જોષીની તાજેતરમાં ૨૪ વર્ષની યુવાવયે ઓસ્ટ્રેલિયાની એક પ્રખ્યાત મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા કોલેજ લેક્ચરર તરીકે વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર સેક્ટર-૨૨માં રહેતા નિવૃત્ત ઈજનેર જયદીપભાઈ જોષીના સુપુત્ર અને નેશનલ એવોર્ડ સન્માનીત એવા નિરલ જોષીએ પોતાની શૈક્ષણિક કુશળતા વડે ૧૯ વર્ષની નાની વયે ઓસ્ટ્રેલિયામાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડીગ્રી મેળવવાનો નવો રેકોર્ડ સ્થાપવા ઉપરાંત સ્થાનિક લોકોના આશ્ચર્ય વચ્ચે ફક્ત ૨૪ વર્ષની ઉમરે કોલેજ કક્ષાની લેક્ચરરશીપ હાંસલ કરી, શિક્ષણ ક્ષેત્રે વિદેની ધરતી ઉપર આવા પ્રકારની વિશિષ્ટ સિદ્ધિ મેળવવાનું બહુમાન પ્રથમ વખત એક ભારતીય યુવક તરીકે નિરલ જોષીએ મેળવી લઈ દેશનું ગૌરવ વધાર્યું છે.

તૃતિય વર્ષ એલ.એલ.બી.નું પરિણામ જાહેર કરવા એન.એસ.યુ.આઈ.ની માંગ

અમદાવાદ, તા. ૧૭

ટી.વાય.એલ.એલ.બી.નું પરિણામ વહેલીતકે જાહેર કરવાની માંગણી સાથે એન.એસ.યુ.આઈ.ના કાર્યકરોએ ગુજરાત યુનિવર્સિટી ખાતે દેખાવો કર્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય અનિક ટીંબલીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે એન.એસ.યુ.આઈ. દ્વારા ટી.વાય. એલ.એલ.બી.નું પરિણામ વહેલા આપવા તેમજ એલએલએમના પેપર ગુજરાતી ભાષામાં પણ આપવા રજુઆત કરવામાં આવેલ હતી. જેથી કરીને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા લેવાતી સનદ પરીક્ષા માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ નજીક હોવા છતાં હજુ સુધી ટી.વાય. એલ. એલ. બી.નું પરિણામ જાહેર કરાયેલ નથી. જો આ પરિણામ જાહેર કરવામાં વિલંબ થશે તો આ વર્ષે ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થી આ પરીક્ષા આપી શકશે નહી જેથી દેખાવ કરવામાં આવ્યો હતો.

નવરંગી જોડીયા પતંગિયા 'મૌસમ-મલકા'ની સંગીતમય ઊડાઊડ..!!

હેપ્પી મેરેજ એટલે કે "મૌસમ - મલકા"ના એનીવરસારી... નવરંગી કાર્યક્રમથી ફરી ગાંધીનગરનાં ડોકટરો, સજાવાય... ગાંધીનગરનાં

સમાજસેવકો, સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજમાં સભ્યો, વૃદ્ધાશ્રમનાં વૃદ્ધો, સાહિત્યકાર અને પેશન્ટ પણ... સૌ સ્ટેજ પર ઊભેલા ડોકટર કપલ ડો. કાન્તી-ડો.નીતા શેખાતને લગ્નસહજીવનનાં ૨૫ વર્ષ કર્યાના જલ્સામાં શુભેચ્છા આપવાં લાઇનબદ્ધ આવતાં હોય... 'મૌસમ - મલકા' મલકાતાં એમનો કાર્યક્રમ શરૂ કરે, મારાં ઘરમાં બિરાજતાં શ્રીનાથજીની ભજનની ધૂન લાગે અને આકાશમાંથી ભરઉનાળે, રામનવમીનાં દિવસે પ્રભુ વરસાદથી શુભેચ્છાઓ પાઠવે... અને સુવ્યવસ્થિત ચાલી રહેલાં કાર્યક્રમમાં અચાનક અલ્પવિરામ આવી જાય...

ચૈત્રી નોમનો કાર્યક્રમ વૈશાખ સુદ ચતુર્થીએ ફરી જ્યાંથી અટક્યો ત્યાંથી જ બંને જોડીયા બહેનો, કાર્યક્રમનું નામ પણ નવરંગી જોડીયા પતંગિયા... આમ તો જાણીતા સ્કીન સ્પેશિયાલીસ્ટ ડો. કાન્તી શેખાત સિવિલ હોસ્પિટલમાં હતા. ત્યારે કેસ પેપરની બારી ખુલે એ પહેલાં પગથિયાં પર એમને બતાવવાં લાઇન લાગેલી હોય એવી એમની નામનાં અને દર્દીઓની એમનાં પ્રત્યેની આસ્થઆ... સદાય હસતાં રહેતાં જાદુઇ સારવારની સૌને સાજાવાનાં કરતાં ડોકટર ને મારાં જેવા મિત્રો કે.લાલથી સંબોધે... આજનાં યુગમાં લગભગ સૌની પાસે મોબાઇલ (કેટલાંક તો બબ્બે ત્રણ - ત્રણ પર રાખે) એમાં આ ડોકટર વગર મોબાઇલે જીવે છે, ટેવ જ નથી પાડી અને છતાંય એમનું ક્યારેક કોઇ કામ અટક્યું નથી... ડોકટરો અને સમાજમાં પ્રિય બનેલાં આ દંપત્તીને વધાવવાં બબ્બેવાર શુભેચ્છકો આવે એ કાંઇ નાની સિદ્ધિ કહેવાય?

'મૌસમ - મલકા' એટલે ભક્તિરસથી છલકાતી એકએક રચનાં વાતાવરણ ભાવવાહી બની ગયું... સ્ટેજ સજાવટ અત્યંત સુંદર વાજીંત્રો પર છ જણા અને 'મૌસમ - મલકા'નાં કાર્યક્રમનો સુરીલો એનું બાંધી રાખવા પધારેલા મૃદુભાષી ઉદ્‌ઘોષક તેજસ મજમુદાર... હર્યાભર્યા સંયુક્ત કુટુંબ જેવો સ્વચ્છ સફેદ માહોલ...

દિન ઊગે ને દિન ઢળે આપનાં સૌ સપના ફળે એક પુલ એવો બાંધી એ કે જયાં બધાં રસ્તા મળે... ગુજરાતી ગીતોનો ગુલદસ્તો શરૂ થયો... નયનને બંધ રાખીને મેં જયારે તમને જોયા છે, તમે

ઊઘડતે પડદે
- સંજય થોરાત

છો એનાં કરતાં પણ વધારે તમને જોયા છે... તારી આંખનો અફીણી તારાં બોલનો બંધાણી, તારી રૂપની પૂનમનો પાગલ એકલો જેવાં નાયક પ્રધાન ગીતો ડો. કાન્તી શેખાત માટે ગવાતાં હોય એવું લાગ્યું ડો. નીતા શેખાત માટે પણ નાયીકા પ્રધાન ગીતોની ફુલઝડી લગાવી... છેલાજી રે મારે હાટુ પાટણથી પટોડા મોંઘા લાવજો... મનનો માણીગર શીદન્ને રિસાયો... સાયબો મારો રતુંબડો ગુલાબ જેવો ... તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે... બંને દીકરીઓનો અવાજ એટલે સતત તાનારીરીનો ભાસ...

ગુજરાતી લગ્નગીતોની આગવી ઓળખ છે અને હવે તો લગભગ મોટાભાગનાં લગ્નોમાં લગ્નગીતો ગાવા માટે પાર્ટી એરેન્જ થાય છે... અને અહીં તો લગ્નજીવનનાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યાની મહેફિલ હતી પછી પૂછવું જ શું? લગ્નગીતોની ધમાલ... ગણેશ પાટે બેસાડીએ... વાજે વાજે રે નોબત વાજે... મારે ઘરે આનંદે પધારો વિનાયક... એક હળવે જોબનીયે બેઠાં બેનીબાં દાદાએ હસીને બોલાવીયાં... નાણાવટી રે સાજન બેઠું માંડવે, ગાયોનાં દાન દેવાય રે... ૨૫ વર્ષ પહેલાં જેવાં સપ્તપદીનાં ફેરાં આ ડોકટર કપલ ફર્યું હશે એવો જ મૌસમ - મલકાએ મન મુકીને ગાયા... તમે થોડાં થોડાં થાવ વરણાગી હો ભાગી તમે... મહેંદી તે વાવી માંડવે ને એનો રંગ ગયો ગુજરાત રે... છાનું રે છપનું કાંઇ થાય નહીં થાય નહીં... ઝાંઝર અલગ મલકની આવ્યું મને સાયબાએ પગમાં પહેરાવ્યું... ગુજરાતી રંગભૂમિના ગીતો પર આજેય લોકોને સાંભળવા ગમે છે અને એ પણ અહીં રજૂ થયાં... મોહે પનઘટ સે નંદલાલ છેડ ગયા રે... મારે સાસરીયે જાય કોઇ પ્રિયમજી આણાં મોકલે... નાગરવેલી આસોપાલવ મારાં રાજમહેલોમાં... અમે સારા મળ્યા સોમવારે માયા લાગી મંગળવારે...

સ્નેહ અને લાગણીઓની ઝાંઝરી ૨૫ વર્ષથી રણકે છે, લગ્ન પહેલાંય મગ્ન હતા અને આજેય એકબીજામાં મગ્ન છે એવાં ડો. શેખાતનાં લગ્નજીવનની એક અત્યંત સુંદર ફિલ્મમાં એમનાં ૨૫ વર્ષનાં બધાં સંસ્મરણો તાજા કરવામાં આવ્યાં, ૨૫ વર્ષની રીલની રીયલ લાઇફ મિત્રો અને પરિવાર વચ્ચે વાગોળી... ગુજરાતનાં ખ્યાતનામ કવિ તુષાર શુકલની રચનાને 'મૌસમ - મલકા' પર ફિલ્માવેલી એની વીડિયો ક્લિપિંગ 'ખોબો સાંભરે, દીકરી ચાલી સાસરે...' 'લાગણીમય રજૂઆત બાદ તો હિન્દી ફિલ્મ ગીતોનો રંગીની દોર ચાલ્યો...'

ગાંધીનગર કલ્યરણ ફોરમની નવરાત્રી વખતે જેમનાં તાલે સૌ ઝુમી ઊઠે છે

એવાં ગોલ્ડન ચિયર્સના જગદીપ મહેતાના સંગીત સંચાલનમા સુરીલા ગીતો છવાયા.. આવાજ દે કહો હૈ.. મૈં ચલી મેં ચલી દેખો પ્યાર કી ગલી... હંસતા હુઆ નુરાની ચહેરા, કાલી ઝુલ્ફે કંગ સુનેહરા.. આગેભી જાને ના તું પીછે ભી જાને ના તું... કજરા મુહબ્બતવાલા, અખીયો મેં ઐસા ડાલા.. સાંસ ગાલી દેવે, સૈયા છેડ દેવે, દિયર સમજા લેવે, સસુરાલ ગેંદા ફુલ... રાત હૈ જામ હૈ, આજ કી રાત હોના હૈ ક્યાં... રાત બાકી બાત બાકી હોના હૈ જો... યું હસરતો કે દાગ મુહબ્બત મેં રો લીયે...

મૌસમ મલકાએ પછી તો કવ્વાલી- મુજરાના ગીતોમાં અલ્લાયે ચદા કૈસી ઈન હસીનાઓ મે... અય મેરી ઝોહર જબી તુજે માલુમ નહી... ની રજૂઆત થી આ ગીતતો ડો. કાન્તી શેખાત ખુદ સ્ટેજ પર આવીને ઝુમી ઉઠ્યા... ડો. કાન્તીલાલ પોતે એક અચ્છા શાયર પણ છે, એમણે એમની પત્નીને લખેલી ગીત-ગઝલ, શાયરીનો આખો આલબમ છે અને એમાંથી એમણે અમુક શેર-શાયરી સુનાવીને સૌને ખુશ કરી દીધાં...

બંને જોડકાં પતંગીયા પછી તો નૃત્યના રંગ પર છવાયા... સાંવરીયા સી આંખો મેરી આ જા રસીયા મોહે અંગ લગાલે.. શેડો ડાન્સમાં એક નવોજ શેડ ચમકતો કર્યો... મરાઠી લાવણી 'અપ્સરા આલી'ના ગીતમાંય બંનેને ખીલી ઉઠી... છેલ્લે દેશભક્તિનો રંગ આવ્યો અને એમાં મિલે સુર મેરા તુમ્હારા તો સુર બને હમારાં... હિર ભરી વસુંધરા પર યે નીલા રંગ હૈ યે કોન ચિત્રકાર હૈ.. વંદે માતરમ સુજલામ સુફલામ મલયજ સીતલામ... છેલ્લે રાષ્ટ્રગીતનાં ગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો પણ બાદમાં સૌ નાચવા પણ સ્ટેજ પર આવ્યા...

ડો. કાન્તી-નીતા શેખાતનાં મેરેજ એનીવર્સરીમાં બબ્બે વખતનાં કાર્યક્રમો વખતે પધારેલા એમનાં સ્નેહીજનો પરથી જ એમનાં સાલસા સ્વભાવની ઝલક મળે... સૌરાષ્ટ્ર કડવા સમાજમાં આજીવન ટ્રસ્ટ એવાં આ બંને ડોકટરોનું 'દો હંસોકા જોડા' જેવું કપલ આવું જ હસતું રમતું રહે અને સમાજસેવાનાં કાર્યોમાં મ્હેંક પ્રસરાવે એવી અભ્યર્થના સહ હેપ્પી મેરેજ એનીવર્સરી...

... તું અભી તક હૈ હંસી ઔર મેં જવાં... ગીત-સંગીત-નૃત્યનાં નવરંગી કાર્યક્રમથી ગાંધીનગરની જાણીતી ડૉકટર બેલડી ડૉ. કાન્તી-ડૉ. નીતા શેખાતની સિલ્વર જ્યુબીલી મેરેજ એનીવર્સરીમાં શહેરનાં ડૉકટરો અને સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજની શુભેચ્છાઓનો વરસાદ